**Shikshan Sanshodhan** : Journal of Arts, Humanities and Social Sciences ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 7.384
Volume - 7, Issue - 12, December - 2024

DOIs:10.2018/SS/202412007 --:-- Research Paper / Article / Review

# ગુજરાતી સાહિત્ય અને સિનેમા

**ડૉ. અબ્બાસઅલી એચ. સુથાર**
આસી.પ્રોફેસર, જાફરી આર્ટ્સ & કોમર્સ કોલેજ, શેખપુર.
Email – ah1990momin@gmail.com,

**પૂર્વભૂમિકા** : માનવી સામાજિક પ્રાણી છે. માનવી સમાજના કેન્દ્રમાં રહેલો છે. માનવ આદિકાળથી કુટુંબ પરિવાર સાથે રહેવાનું પસંદ કરતો, જેમાંથી કોઈ એક સભ્યતા કે સંસ્કૃતિ પોતાની આગવી ઓળખ બનાવી માનવી બન્યો છે. જેથી સમાજમાં સંસ્કૃતિ જેવા નવા શબ્દનો ઉદ્ભવ થયો. જેનો અર્થ 'સભ્યતા' કે 'જુનવાણી' સાથે સંકળાયેલું છે. જેનાથી એક અલગ જ સમાજની ઓળખ ઊભી થાય છે. અહીં આપણે સિનેમા સંસ્કૃતિ વિષય તરફ વિચારવાની જરૂર છે.

**ચાવીરૂપ શબ્દો** : સાહિત્ય, સિનેમા, મળેલાજીવ, માનવીની ભવાઈ, સરસ્વતીચંદ્ર, તત્વમસી, રેવા વગેરે.

## 1. સાહિત્ય અને સિનેમા કલાની દ્રષ્ટીએ :

સાહિત્ય બધીજ લલિત કલાઓમાં સાહિત્ય કલાને શ્રેષ્ઠ માનવામાં આવે છે. જેમાં માનવ જીવનના દરેક પાસાને આવરી લેવામાં આવતા હોય છે. સાહિત્યના કેન્દ્રમાં પણ માનવસમાજની સંસ્કૃતિ હોય છે. જે સંસ્કૃતિનું પ્રતિબિંબ સ્વરૂપે પ્રકાશ સાહિત્યમાં આપણને જોવા મળે છે. સાહિત્યના એક પ્રકાર તરીકે અત્યારે સિનેમા વિવેચકોના માટે રસપ્રદ વિષય બની ગયો છે, એટલે કે સાહિત્યના વિષય તરીકે સિનેમાએ માનવ અને સમાજને પોતાની સંસ્કૃતિની વચ્ચે બંનેને જોડતી કડીરૂપ સિનેમા છે એમ માની શકાય છે. આમ તો સિનેમાએ જનજીવનનું પ્રતિબિંબ છે. અલગ કરીને જોવું શક્ય નથી, એટલે કે એટલે સિનેમાની સાથે જ સંકળાયેલું છે. માનવજીવન એ જ સમાજમાં આવતા પાત્રો દ્વારા પ્રતીત થતું જીવન. આપણા કવિ ઉમાશંકર જોશી એક વખત કહ્યું હતું કે "નાટક એ બધી કલાઓનું પિયર છે, આ વાતને હું બૃહદ રૂપમાં જોવાનું રાખું છું, અને તેનું વિસ્તરણ કરું સિનેમા તો નાટક પણ સમાઈ જાય છે એટલે સિનેમા પણ બધી જ કલાઓનું પિયર છે." એટલે કે ચિત્રકલા, સંગીત નૃત્ય-નાટક, શિલ્પસ્થાપત્ય અને સાહિત્ય આ બધી કલાઓનો સરવાળો કરીએ છીએ તો તેનો જવાબ સિનેમા મળે છે અને તેમાં સાહિત્ય વગર સિનેમા કદાચ સંભવ જ નથી.

## 2. સિનેમા :

સિનેમા એક ઘટનાત્મક કલા છે. એનું ફોર્મ જ નેરેટિવફોર્મ છે, આ નેરેટિવફોર્મ માંથી છૂટવા એ ઘણા પ્રયત્નો કરે છે.પણ આપણે માટે એ બધા પ્રયોગો વચ્ચે એટલે આજે તો અહી એને કથનકેન્દ્રી સ્વીકારી ચાલવુ રહ્યું. બધી જ કલાઓ કથનાત્મક્તા હોય છે. ચિત્રકલા અને ફોટોગ્રાફી, નૃત્ય અને નાટક અને કે પછી સાહિત્ય અને મે આગળ જેમ કહ્યું તેમ સિનેમામાં બધી જ કલાઓનો સમાવેશ પણ થાય છે. લોકકલાનો પણ અહીં સમાવેશ થાય એ પણ કથનાત્મક છે, અને લોકકલાના બધા જ ઘટકો જેવા કે લોકચિત્રકલા, લોકસંગીત,લોકનાટ્ય જેવી કે ભવાઈ વગેરેનો પણ સંસ્કૃતિનું પ્રતિબિંબ રજૂ થાય છે.

આપણે ત્યાં સિનેમાની શરૂઆત થઈ ત્યારે સમાજમાં શિક્ષણ ઓછું હતું. તો એ પ્રશ્ન હતો કે લોકો કેવું સમજશે? વળી,તે સમયમાં મનોરંજન માધ્યમો ઓછા અથવા કેટલાક સંજોગોમાં બિલકુલ ન હતા. એટલે કે સિનેમાની શરૂઆતથી જ મનોરંજનના એક માધ્યમ તરીકે જોવા અને રજૂ કરવામાં આવ્યું છે. એટલે કે એન્ટરટેઇનમેન્ટ તરીકે ફિલ્મો જોવામાં આવતી પણ સિનેમા ફક્ત એન્ટરટેઇનમેન્ટ જ નહોતું સાથે સમાજને આપવામાં આવતો મેસેજ અને સંસ્કૃતિનું દર્શન કરવામાં આવતું. જેમ કે, ચાર્લી ચેપ્લિનની જે ફિલ્મ જોઈને આપણે ખડખડાટ હસીએ છીએ પણ હકીકતમાં તે વેદનાથી ભરપુર છે. તેમાં સમાજની સામે સત્તાધીશોની સામે કંઇક કહેવું છે? એટલે કે હાસ્યના શસ્ત્ર તરીકે સિનેમામાં પ્રયોજન છે. જેમાં સમાજની પીડા દેખાડવાનું પ્રયત્ન કર્યો છે.

## 3. ગુજરાતી સાહિત્ય અને સમાજ :

આપણે ગુજરાતી ભાષાની કેટલીક માનવ સંસ્કૃતિને રજૂ કરતી ગુજરાતી સાહિત્યની કૃતિઓ આધારિત ફિલ્મો પણ જોઈ શકાય, જેમાં ગુજરાતી સિનેમામાં અનેક વખત ઉત્તમ સાહિત્ય કૃતિઓને કંડારવાનો પ્રયાસ કરવામાં આવ્યા છે. જે કૃતિ આધારિત હિન્દી ફિલ્મો પણ બની છે. જે સફળતાના ટોચ હાંસલ કરી રહી છે. કનૈયાલાલ મુનશીની કૃતિ પરથી 'કોકિલા' કે 'માલવપતિ મુંજ' ઇશ્વર પેટલીકરની 'જનમટીપ' અને 'લોહીનું ટીપુ' શયદાની 'વણઝારીવાવ' પરથી 'કરરચાવર' તથા પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' તથા 'મળેલા જીવ' નવલકથા આધારિત ફિલ્મો જોઇ શકાય જેમાં સમગ્ર સિનેમા જગતમાં એક આગવી ગુજરાતી સંસ્કૃતિનું પ્રતિબિંબ ઊભું થયું છે.

## પન્નાલાલની નવલકથા આધારિત સિનેમા :

પન્નાલાલ પટેલની 'મળેલા જીવ' આધારિત 'ઉલ્જન' હિન્દી ફિલ્મ હિન્દી સિનેમા એક ગુજરાતના ઈશાનખૂણાનું ઉત્તર ગુજરાતની સંસ્કૃતિના દર્શન થાય છે. જેમાં રાજસ્થાન તથા ગુજરાતીની સંસ્કૃતિની પ્રતીત થાય છે. આ ફિલ્મનો નાયક કાનજી તે વિસ્તારમાં ભરાતા શામળાજીના મેળામાં નાયિકા સાથે થતું પ્રથમ મિલન તથા સિનેમા શામળાજીના મેળાની તથા તેની સાથે લોકસમૂહમાં ગવાતા ગીતો, પહેરવેશો અને સ્ત્રી- પુરુષોના વસ્ત્રોના આવતા ચિત્રો દ્વારા સમાજદર્શનને જોઈ શકાય છે. સમાજમાં થતી મહેમાનનવાજી પણ આપણને આલેખન જોઈ શકાય છે. સમાજનું પ્રતિબિંબ ઉભું કરે છે. જે ઉત્તર ગુજરાતની સંસ્કૃતિનું આલેખન કરે છે. આગળ જતાં કથાપ્રવાહમાં જીવી સાથે કાનજીના લગ્ન સમયની વાતમાં પણ સમાજ મર્યાદા જોઈ શકાય છે. જ્ઞાતિ વચ્ચેની પરિસ્થિતિ પણ જોઇ શકાય છે કે 'મળેલાજીવ'માં પ્રતિબિંબ થતું જોવા મળે છે. ગ્રામીણ સંસ્કૃતિનું આલેખન અહીં રજૂ થાય છે. ગ્રામ પ્રદેશ તથા શહેરી જીવન સંસ્કૃતિ અલગ પડતું ચિત્ર ઉપસી આવ્યું છે.

પન્નાલાલ પટેલ કૃત 'માનવીની ભવાઈ' ફિલ્મમાં ગુજરાતના દુષ્કાળ જનક વિસ્તારોનું દુઃખદ વેદનાસભર આલેખન જોવા મળે છે. જે ગ્રામીણ સંસ્કૃતિનું ચિત્ર ઉપસી આવ્યું છે. માનવીની ભવાઈ માં સ્ત્રી પાત્ર દ્વારા ખેતરમાં ખેડાણ થાય છે જેથી એકાએક આખા ગામમાં વાત પ્રસરી થાય છે. "કે કોઈ બૈરીએ ખેતર ખેડ્યું છે એટલે મેઘરાજા દુઃખી થયા આ વર્ષે વરસાદનું ટીપું પણ નથી પડવાનું." આ કારણ ગામના મુખી તથા આખો ગામસમાજ સ્વીકારે છે. જેમાંથી પ્રસ્તુત થાય છે કે જે સમાજમાં સ્ત્રીઓ સાથે સંઘર્ષ તથા સમાજમાં સ્ત્રીઓનું સ્થાન જોઈ શકાય જે ગામ પ્રદેશની વાત અહીં પ્રગટ કરે છે.

## ગોવર્ધનરામ મા.ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર' આધારિત સિનેમા :

ગોવર્ધનરામ મા.ત્રિપાઠી કૃત 'સરસ્વતી ચંદ્ર' આધારિત હિન્દી ફિલ્મ સરસ્વતીચંદ્ર માં ગુજરાતી નારીનો ઘરસંસાર અહીં પ્રગટ થાય છે. ગુણસુંદરીનું પાત્ર દ્વારા ગુજરાતી નારીનું વિશ્વ સિનેમાજગતમાં પ્રગટ થયું છે. જેમાં સુશીલ,નીતિમત્તા નારીનું દર્શન થાય છે. નરસિંહ મહેતાના જીવન આધારિત કૃતિ 'મામેરું' પ્રસંગએ ગુજરાતી 'નરસિંહ મહેતા' નામની ફિલ્મમાં જોવા મળતી ગુજરાતી સમાજનું આલેખન તથા સંસ્કૃતિપ્રગટીકરણ ગણી શકાય જેમાં કરુણ તથા શાંત રસ દ્વારા ગુજરાતીસમાજમાં સ્ત્રીની કરુણતા તથા નારીસંસ્કૃતિ જોઈ શકાય છે. કથાપ્રવાહમાં આવતા સીમંતપ્રસંગમાં જોવા મળતી કુંવરબાઈના સાસુનું ચિત્ર તથા નાગર સમાજની સ્ત્રીઓનું પાત્ર જોઈ શકાય છે જેમાં ગુજરાતી સમાજની તથા સંસ્કૃતિમાં આવતા વિવિધ પ્રસંગોમાં આ સીમંતપ્રસંગ દ્વારા સંસ્કૃતિની જાણ થાય છે.

## ધ્રુવભટ્ટની 'રેવા' નવલકથા આધારિત સિનેમા :

ગુજરાતી ફિલ્મ જગતમાં પ્રસંશનીય 'રેવા' તે ધ્રુવભટ્ટની તત્વમસી નવલકથા પર આધારિત ફિલ્મ છે. રેવા ફિલ્મમાં જોવા મળતા લોકોની શ્રધ્ધા તથા ભારતીય માનવ સમાજમાં જોવા મળતું નદીઓનું મહત્ત્વ એ આપણી ભારતીય આગવી સંસ્કૃતિ છે. જે આપણને 'રેવા' ફિલ્મ દ્વારા રજૂ કરવામાં આવે છે. 'રેવા' ફિલ્મમાં નર્મદા મૈયાની પરિક્રમા સાથે વચ્ચે વચ્ચે આવતા માનવસમાજનું ચિત્ર દ્વારા લોકસંસ્કૃતિનું તથા સમાજનું સામાજિક દર્શન કરવામાં આવ્યું છે. જેમાં કેટલાક પ્રસંગ કરુણમય બની જાય છે.

ગુજરાતમાં સ્થિત કેટલાક સમાજને કંઈક પોતાની આગવી સંસ્કૃતિ તથા ઓળખ હોય છે. જે આપણને આવી ગુજરાતી તથા હિન્દી ફિલ્મો દ્વારા ઓળખ છતી થાય છે. જેમાં કચ્છ પ્રદેશની કથા 'હેલ્લારો' ફિલ્મોમાં સ્ત્રીઓની નૃત્ય પરના પ્રતિબંધ છતાં પોતાના મનને કાબુમાં રાખી શકતી નથી એટલે કે સ્ત્રીની શક્તિકરણનું પ્રસ્તુતિકરણ થાય છે. હવે સ્ત્રી એક વાડામાં રહેવા માગતી નથી હવે બાહ્ય દુનિયામાં બહાર જવાનો સતત પ્રયત્ન કરતી ગુજરાતી નારીનું ચિત્ર વિશ્વ જગતમાં સિનેમાથી રજૂ થાય છે.

સિનેમા તથા સાહિત્ય એ સંસ્કૃતિ માટેના એકબીજાના પર્યાય તરીકે ઓળખ ઉભી કરવામાં રહ્યા છે. સિનેમા જગતના કેન્દ્રમાં માનવ જીવનમાં રહેવાનું તથા સંસ્કૃતિ. તે દરેક માનવ સમાજ તથા સંસ્કૃતિનું આલેખન જોવા મળે છે. સિનેમા દ્વારા તે કથાપટમાં આવતા કથાપ્રવાહથી કોઇ સમાજની આગવી વિશેષતા તથા માનવ સાથેના સંસ્કૃતિની અસર તથા લગાવ જોઈ શકાય છે. સંસ્કૃતિ એક માનવજીવનની છબી ઊભી કરતું એક મહત્વનું સોપાન સિનેમાને ગણી શકાય. આજના આધુનિકયુગમાં સાહિત્યના શ્રેષ્ઠ માધ્યમ તરીકે સિનેમા છે એમ પણ કહી શકાય. માનવજીવન સંસ્કૃતિ તથા સિનેમા દ્વારા માનવજીવન સમાજમાં પોતાની સંસ્કૃતિ પ્રત્યે લગાવ તથા એક અમૂલ્ય વારસો છે. એ જવાબદારીનું સભાનતા વિચાર કરતો એક વર્ગ ઊભો થયો છે. માનવ સમાજની પોતાની સંસ્કૃતિની જાળવણી કરવી એ ફરજ સમજીને સંસ્કૃતિની અમુલ્ય વારસા તરીકે જાળવણી કરવી જોઈએ એ પણ આ સિનેમાથી આપણની તેની મહત્ત્વતા સમજાયું છે.

## સિનેમાનું ભવિષ્ય :

આજે આપણી સંસ્કૃતિ સાથે લોકો પણ બદલાયા છે. તેમ ગુજરાતી ફિલ્મો પણ બદલાય છે. નવી પેઢીના નવા દિગ્દર્શકોએ કંઈક નવું કરવા માંગે છે. આ આજની ગુજરાતી સંસ્કૃતિ નવી પેઢી શહેરમાં જ ઉછરી છે, તે ઉપરાંત શિક્ષિત છે. તેમની દેશ અને દુનિયામાં આવતા બદલાવ વિશે જોયું છે. ખાસ તો આજનો સમાજ

ટેલિવિઝન પરથી પ્રસાર થતા મનોરંજનનો ઘેલો સમાજ છે. તેઓ ગુજરાતી ફિલ્મની નવી રીતે સમજવા અને જોવા માંગે છે. અને તેમાં નિદર્શન થતી પોતાની આગવી સંસ્કૃતિની જોવા માંગે છે, પણ આ શહેરીકરણ અને ગ્રામીણ સંસ્કૃતિ હિન્દી અને અંગ્રેજી ફિલ્મ જોતા પ્રેક્ષકોને કેટલું જોવું ગમે છે ? એ કહેવું મુશ્કેલ છે, અને બધામાં સાહિત્ય પર રચાયેલી ફિલ્મોની સર્જનારને અને જોનારને એક વિશિષ્ટ વર્ગ તૈયાર કરવો રહ્યો જે આવનારા સમયમાં સિનેમા માટે એક કસોટી છે.જેથી આવનારા સમયમાં માનવસમાજની સંસ્કૃતિને સંભાળ લેવી પડશે .

## 4. સારાંશ :

સમાજ અને સાહિત્ય એક બીજાના સમાનાર્થી શબ્દો તરીકે સાબિત થાય છે. સમાજમાં રહેતા માનવી દ્વારા બનતી દરેક ઘટના તે સાહિત્યમાં ઉતરી આવે છે. સાહિત્યની દરેક વાત ક્યારેક ને ક્યારેક સિનેમા સુધી પહોંચીને સામાન્ય જનસમૂહ સુધી પહોંચી જાય છે. સિનેમા માટે વિશેષ સામગ્રીની સ્ત્રોત આપણું ગુજરાતી સાહિત્યની પ્રમુખ સાહિત્યકૃતિઓ છે એમ માની શકાય. જેના કારણે સિનેમામાં સંસ્કાર, નૈતિકતા અને ભારતીયતા ખિલી ઉઠશે.

## સંદર્ભ સૂચિ :

1. સાહિત્ય અને સિનેમા: જય વસાવડા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ
.2 SANDHAN BISAG https://www.youtube.com/watch?v=czz-IXGiG7A
3 .ગુજરાતી ફિલ્મની ગઈકાલ, www.newzviewz.com